## અન્ય ઉપયોગી માહિતી.

➢ **૧૮.૧ : લોકો ધ્વારા પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો :**

સામાન્ય રીતે લોકો ધ્વારા જમીનની માગણી, જુદા જુદા વિષયો સબંધી દાખલ થયેલી અપીલ અરજીઓ / વિવાદ અરજીઓ સબંધી નકલોની માગણી, નગરપાલીકા તરફથી મળેલ જવાબો સામે અસંતોષ સબંધી રજુઆતો, નાની બચત યોજના તથા મધ્યાહન ભોજન યોજના સબંધી રજુઆતો તથા પુરવઠા વિષયક બાબતો અંગેની સમસ્યાઓ લોકોને નડતી હોય છે. આ માટે રાજય કક્ષાથી તાલુકા કચેરી સુધી અધિકારી તથા કર્મચારીઓનું માળખું સરકારશ્રી ધ્વારા નિયત થયેલ છે, જે તંત્ર ધ્વારા લોકોની સમસ્યાઓ તથા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે.

➢ **૧૮.૨ માહિતી મેળવવા અંગેનાં અરજીપત્રકો, તે સબંધી ફી, અરજી કરવાની પધ્ધતિ તથા તે સબંધી માર્ગદર્શન તેમજ માહિતી આપવાના ઈન્કારના કિસ્સામાં અધિકાર તેમજ અપીલ કરવા સબંધી કાર્યવાહી :**

આ કાયદા હેઠળ હવેથી માહિતી મેળવવા માટે અરજદારે નમૂના – "ક" માં અરજી કરવાની રહેશે. ટેન્ડર સિવાયની અન્ય માહિતી માટે અરજી દીઠ રૂા.૫૦/– ની ફી લેવાપાત્ર બને છે (નિયમ–૮ માં કરેલી જોગવાઈ અનુસાર). તે સિવાય વેચાણ માટેના પ્રકાશન સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હશે તો તે પ્રકાશનની નિયત કરેલ કિંમત લેવામાં આવશે અને વેચાણ માટેના પ્રકાશન સિવાયની માહિતી માટે નિયત કરેલી પાના દીઠ ચુકવવાની થતી ફી ચુકવવાની રહેશે.

માહિતી મેળવવા માટે જાહેર માહિતી અધિકારીને નમૂના–"ક" માં અરજી રજુ કરવાની રહે. જે અરજી સ્વીકારવાપાત્ર હશે તો તે માટે તે સમયે પાવતી આપવામાં આવશે. માંગેલ માહિતી ક્ષેત્રાધિકાર બહારની હોય તે સંજોગોમાં નમૂના–"ખ" માં પાવતી આપવામાં આવશે. સ્વીકારેલી અરજીના સબંધમાં અરજી ચકાસતાં જો માહિતી આપી શકાય તેમ ન નીકળે તો નમૂના–"ગ" માં અસ્વીકૃતિનો હુકમ અરજદારને પાઠવવામાં આવશે, જયારે ઉપલબ્ધ માહિતી નમૂના– "ઘ" માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

નમૂના–"ગ" ના હુકમથી નારાજ વ્યકિત આ અધિનિયમ હેઠળ અપીલ અધિકારી તરીકે જેમને નિયત કરેલ છે તેવા અપીલ અધિકારીને નમૂના–ચ માં નિયત અપીલ ફી રૂા.૫૦/– ભરી ધોરણસરની અપીલ કરી શકે છે જે બદલની તેમને પાવતી પાઠવવામાં આવશે.

➢ **૧૮.૩ : જાહેર તંત્ર ધ્વારા લોકોને અપાતી તાલીમની બાબત :–**

કલેકટર કચેરી ધ્વારા લોકોને તાલીમ અપાતી નથી તેમછતાં ભારે પૂરની પરિસ્થિતિમાં તરવૈયાઓને જરૂરી પ્રોત્સાહન આપવામાં આવે છે તેમજ ચુંટણીના મતદાનના અરસામાં ઈલેકટ્રોનિક વોટીંગ મશીન સહિત માસ્ટર ટ્રેઈનરો ધ્વારા જાહેર જનતા જોગ નિદર્શનો ગોઠવી જરૂરી માહિતી / તાલીમ અપાય છે. વળી સરકારશ્રીના અનુદાનથી ચાલતી અને મહેસુલી કચેરીઓ મારફત નિયંત્રણ રખાતું હોય તેવી સંસ્થાઓ આવી તાલીમ સબંધી પ્રવૃતિઓ સમયસર અને સાચા અર્થમાં યોજે તે માટેના પ્રયત્નો હાથ ધરાય છે.

- **૧૮.૪ : નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો, ના–વાંધા પ્રમાણપત્રો :**

નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા કોઈ પ્રમાણપત્ર અને ના–વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી. સમયાંતરે અરજદાર તરફથી આવી કોઈ જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાય છે.

- **૧૮.૫ : નોંધણી પ્રક્રિયા અંગે :–**

અત્રેની કચેરીએથી નોંધણી સબંધી કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી.

- **૧૮.૬ : જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે :–**

અત્રેથી આવા કોઈ કર સીધા ઉઘરાવવામાં આવતા નથી. જમીન મહેસુલને લગતી બાબતો અંગે ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએ ગોઠવેલ તંત્ર મારફતે આ કામગીરી થાય છે.

- **૧૮.૭ : વીજળી / પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે :–**

આ કચેરીએથી આવી કોઈ કામગીરી થતી નથી.

- **૧૮.૮ : જાહેર તંત્ર ધ્વારા પુરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત :–**

કચેરીમાં તેમજ આ કચેરી હસ્તકની તાબાની કચેરીઓમાં નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હાથ ધરેલા પ્રયત્નો અન્વયે દરેક તાલુકા મથકે નાગરિક સુવિધા કેન્દ્રો કાર્યરત કરી શકાયેલ છે. ખેડુત ખાતેદારોને ખાતેદાર તરીકે વારંવાર જરૂર પડતી નકલો માટે રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરાવી ઈ–ધરા કેન્દ્રો કાર્યરત કરાવેલ છે. નજીકના સમયમાં તાલુકા કક્ષાએથી મતદાર ઓળખ કાર્ડ આપવા માટેની કામગીરી નાગરિક અધિકારી કક્ષ ધ્વારા શરૂ કરવાની અપેક્ષા છે જે કામગીરી શરૂ થયેથી મતદાર ફોટો ઓળખપત્ર મેળવ્યા સિવાય બાકી રહેલા નાગરિકો બનતી ત્વરાએ આવા ઓળખપત્રો મેળવી શકશે. તે જ રીતે પુરવઠા વિભાગ મારફતે રોમીંગ રેશનકાર્ડ ઉપલબ્ધ કરાવવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલ છે.